Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# મોહન પરમારના વાર્તાસંગ્રહમાં નારી છબી

**પ્રા.શશિકાન્ત. આર. પટેલ**
પી.એચ.ડી સ્કોલર,હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ
Email: patelshashikant27@gmail.com,Mo.: 9426822569

પ્રસ્તાવના:

નવલિકાનુ સાહિત્યસ્વરૂપ ખરેખર દુ:સાધ્ય છે કેટલાક વાર્તાકારો સરસ ટુંકીવાર્તાઓ લખે છે, પણ તેઓ સતત લખતા નથી. કેટલાક વાર્તાકારો સતત ટુંકીવાર્તાઓ લખે છે, પણ સરસ વાર્તાઓ ઓછી લખે છે. સતત અને સરસ ટુંકીવાર્તાઓ લખવાનુ ખૂબ અઘરૂં હોય છે. ચેખોવની વાર્તાઓ ભલે ઉચ્ચ કોટિની કલાકૃતિ ન હોય પંરતુ સતત અને સરસ વાર્તાઓ લખનાર તરીકે ચેખોવ વાર્તારસિયાઓના ચિત્તમાં ચિરંજીવ છે. અનુઆધુનકિ ગુજરાતી વાર્તાસાહિત્યમાં હાલના તબક્કે ટુંકીવાર્તાઓનુ સ્વરૂપ એની કલાકીય સજ્જતા સાથે સમૃધ્ધ છે. આ રળિયાત સમૃધ્ધિમાં સતત અને સરસ વાર્તાઓ આપનાર મોહનપરમારનો ફાળો અદ્વિતીય છે. અનુઆધુનિક ગુજરાતી વાર્તાસાહિત્યના નોંધપાત્ર વાર્તાસંગ્રહોમાં 'નકલંક', 'કુભી' ,'પોઠ' અને 'અંચળો' નો નિ : સંકોચ સમાવેશ કરી શકાય.

મોહન પરમારનો પ્રથમ વાર્તાસંગ્રહ 'કોલાહલ' 1980 માં પ્રગટ થયો હતો. આ વાર્તાસંગ્રહ તરફ કથામર્મજ્ઞોનું ધ્યાન ખેંચી શકે એવી વાર્તાઓ ઓછી હતી. નવમા દાયકાના પ્રારંભમાં તેમનો બીજો વાર્તાસંગ્રહ 'નકલંક' 1991 માં પ્રગટ થાય છે, ત્યારે ગુજરાતના મોટાભાગના વાર્તારસિકો અને વાર્તામર્મજ્ઞોનુ ધ્યાન ખેંચાયું હતું. જયંત ગાડીત, રમણલાલ જોકશી મધુસુદન પારેખ, સરીફા વીજળીવાળા, જયેશ ભોગાયતા, વીનેશ અંતાણી જેવા સર્જકોએ આ સંગ્રહની ખૂબ પ્રશંસા કરી તેમનો 'કુંભી' વાર્તાસંગ્રહ 1996 માં પ્રગટ થાય છે ત્યારે વિવેચનાનો જાણે વરસાદ થાય છે. 2001 માં 'પોઠ' વાર્તાસંગ્રહ પ્રગટ થાય છે. વાર્તાઆસ્વાદકોનું ધ્યાન હજી આ સંગ્રહ પર પુરતું ગયું ન હતું ત્યાં તો 2008 માં તેમનો 'અંચળો' વાર્તાસંગ્રહ પ્રગટ થાય છે. તથી જ વાર્તાકાર મોહનપરમાર એક જ અવાજે સ્વીકારાયેલા સક્ષમ ગુજરાતી વાર્તાકાર છે.

મોહન પરમારની વાર્તાસૃષ્ટિમાં નારીનો એક આગવો પરિવેશ જોવા મળે છે. તેમની વાર્તાઓમાં નારીની પીડી, વેદના, દુ:ખ, વિરફ, સમાજ તરફથી તેમને ભોગવવી પડતી યાતનાઓ, નારીનું શોષણ, તેની ગૂગળામણ, તેના માનસિક તાણાવાણા એ સૌનું વાર્તાકારે બારીકાઇથી અવલોકન કરીને વાર્તાઓમાં તેનું આલેખન કર્યું છે. તેમની વાર્તાઓ જીવાતા જીવનમાંથી સમાજમાંથી આવે છે. નારીચેતના અને નારીસંવેદના એ તેમની વાર્તાઓનો

આગવો કલાવિશેષ રહ્યો છેં વાર્તાકારે ખાસ કરીને પરંપરા અને આધુનિકતાના અંશોનો વાર્તાઓમાં પોતિકી રીતે વિનિયોગ કરી અને કશુંક નવું કરવાનો પુરુષાર્થ કર્યો છે. તેમની નારી વિષયક વાર્તાઓ પૂર્વ આધુનિક અને આધુનિક વાર્તાઓ કરતાં અલગ તરી આવે છે.

**મોહન પરમારના વાર્તાસંગ્રહમાં નારી છબી** :

'કોલાહલ' વાર્તાસંગ્રહમાં આવતી 'સંકેત' એ તેમની નોંધપાત્ર નવલિકા છે. આ વાર્તાનો નાયક ચેતન પરણી ગયો હોય છે. તે જાણ્યા પછી અને મેળવવા ગયેલી ક્ષમાના હૃયમાં ઉલ્કાપાત અમાપ છે. પોતે ચેતનને ખાતર જ કેટલાય છોકરાઓને લગ્નની ના પાડી હતી. ચેતનની પત્ની એને અપમાનિત કરીને કાઢી મૂકે છે. એ ચેતનના ઘરની ડેલી બહાર આંખો બંધ કરીને બેસી જાય છે. ત્યાં તે પોતાના માથા પર કોઇનો હાથ ફરતો હોય એવું અનુભવે છે અને આંખો ખોલે છે તો પાનના ગલ્લા પર બેઠેલો મોટી મોટી આંખોવાળો માણસ એના વાળને સરખા કરતો હતો. એ પોતાને ચેતન તરીકે ઓળખાવે છે. અને ક્ષમા એના બાહુપાશમાં જકડાઇ જાય છે. તે ભાન ગુમાવી જાય છે, ત્યાં જ તેની દ્રષ્ટિ ચેતનના ઘરના બંધ બારણા પર પડે છે અને ચેતનની પત્નીની વેદના એને યાદ આવે છે. તે એકાએક ઉભી થાય છે અને ચેતનને નાલાયક કહી થપ્પડ મારી ચાલી જાય છે. વાર્તાના આરંભે ક્ષમા પાનના ગલ્લા પર બેઠેલા મોટી આંખોવાળા માણસને જોવે છે અને તેને તે ચેતન પહોવાનું સંદેહ જણાય છે. પણ પછી મનમાં થાય છે કે “અહી ચેતન કયાંથી હોય?” અને તે પણ પાનના ગલ્લા પર! ક્ષમા ત્રણ વર્ષ પછી જ ચેતનને જોવે છે તે તેને ઓળખી શકતી નથી. આ થોડું વિચિત્ર લાગે તેમ છે. આંખ બંધ કરીને બેઠેલી ક્ષમાના માથા પર ગલ્લા પર બેઠેલો હતો તે માણસનો હાથ ફરે છે અને તે પોતાને ચેતન તરીકે ઓળખાવે છે, ત્યારે અર્ધમુર્છાઁ અવસ્થામાં જ ક્ષમા એની સાથે આલિંગનપાશમાં બંધાય છે. અને ચેતનની પત્નીનો ખ્યાસ આવતાં એને તમાચો મારી ચાલી જાય છે. વાર્તાકારે અહીં નારીનું જે મનોજગત છે તેમાંની સંવેદનાને અહીં સૂક્ષ્મ રીતે ઓળખાવવામાં આવી છે.

'થળી' એ મોહન પરમારની ખૂબ જ પ્રસિધ્ધ પામેલી નવલિકા છે. આ વાર્તામાં સર્જકે પોતાના પરિચિત વિશ્વ અને તેમાં બનતી ઘટનાઓનુ કલામાં રૂપાંતર કરીને અસરકારક ચિત્ર ઉભુ કર્યું છે. આ વાર્તા નાયિકાપ્રધાન છે. વાર્તાનાયિકા રેવી પુરુષની ઇચ્છાને તાબે થનારી છે. વાર્તાના અંતમાં રેવી એક શક્તિશાળી નારીનું પ્રતીક બની રહે છે. ગામમાં પણ રેવીની આગવી છાપ છે. ગામમાં બધાં જ લોકો તેનું માન રાખે છે. જ્યારે માનસિંહ તેને પોતાની મરજી વિરુધ્ધ પોતાની હવસનો શિકાર બનાવે છે. ત્યારે શરૂઆતમાં રેવી તેનો સ્વીકાર કરે છે પણ એક દિવસ તેને માનસિંહને પદાર્થપાઠ ભણાવવા ઇચ્છે છે. રેવીનું આ સ્વરૂપ નૂતન નારીનું સ્વરૂપ છે. રેવી કહે છે:... “ આજ મીં શરમબરમ નેવે મેલી છઅ ,અન હવઅ મારી ફજેતી થવામાં બાચીય શું રયું છઅક! અન હવઅ મારી ફજેતી થવામાં બાચીય શું રયું છઅ! બસ મારઅ તો તમારું ઘર માંડવું છઅ. પછઅ તમે કે'શો તે બધું કરવા દઇશ... ! (પૃ.૪.'કુંભી')

આ 'થળી' એ વાર્તાકારની એક વિશિષ્ટ રચના છે. હરિજન રેવીને ઉચ્ચ વરણનો ઠાકોર માનસિંહ સતત પરેશાન કરતો રહે છે. રેવીના વર ચમન તૂરીને ભવાઇ રમવા વારંવાર બહારગામ જવાનું થાય છે. આ ગેરહાજરીનો લાભ લેતો માનસિંહ રેવીનું શારીરિક શોષણ કરી રોકટોક વિના તેના ઘરે આવે છે. માનસિંહના રૂઆબથી દબાયેલી રેવી આ ત્રાસ-માંથી બહાર નીકળવા ઇચ્છે છે. પણ કોઇ રસ્તો જડતો નથી. છેવટે તે પોતાની કોઠાસૂઝથી એક અસરકારક માર્ગ શોધી કાઢે છે. આ વાર્તાના સંદર્ભમાં હેમાંશી શેલત કહે છે:.... "પોતાને ઠાકોરનું ઘર માંડવાના કોડ જાગ્યા છે એમ કહી એ ઠાકોર માનસિંહને હંફાવે છે એને ખબર છે કે હરિજન સ્ત્રીને ઘરમાં બેસાડવાનું તો માનસિંહનું ગજુ જ નથી. ઠકરાણાંથી અને સમાજથી સંતાડીને આજે આ સંબંધ ચાલુ રાખવો પડે એમ છે. આમ કોઇનીયે મદદ વિના રેવી જાતને શોષણ મુક્ત કરે છે. વર પાસે જઇને પોતાને કોઇ પરેશાન કરે છે. એવી ફરિયાદો કરી સંરક્ષણ મેળવવાનો રસ્તો જુનો છે. અહીં રેવી આપબળે જ જાતની સુરક્ષા હાંસલ કરે છે. એ એનુ નૂર દાખવે છે. (પૃ. ૨૫૧, પરિશિષ્ટમાંથી, 'કુભી')

મોહન પરમારની સ્ત્રી સંવેદનાની વાર્તાઓમાં આ એક વિશિષ્ટ વાર્તા છે. નારીની જે સંવેદના છે તેમાંથી કંઇ રીતે બહાર આવી શકાય તેનો નિર્દેશ કરતી આ વાર્તા નોંધપાત્ર કલાકૃતિ છે.

'વાડો' વાર્તામાં સ્ત્રીજીવનની વાત કરવામાં આવી છે. આ વાર્તામાં પત્ની પરપુરુષ સાથે સંબંધ ધરાવે છે. એવી શંકાથી વાર્તા નાયક ખેમો વ્યાકુળ બને છે અને ઘરમાં પેઠેલા નોળિયાને ખો ભુલાવી દેવા તે ધમપછાડા કરે છે. નોળિયો અને વાડો અહીં પ્રતિક બનીને આવે છે. ખેમાના શંકાપ્રેરિત ક્રોધમાંથી ઉદભવેલી પ્રતિક્રિયાઓથી વાર્તા-રચના થઇ છે. ખેમાની મન : સ્થિતિ કલાત્મક રીતે રજૂ કરવામાં આવી છે. તો શંકાના દાયરામાં ગેરાયેલ સ્ત્રીની મનોદશા કેવી થાય છે તેનું જીવંત ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

'ટોડલો' એ મોહન પરમારની નારીસંવેદનાને આલેખતી વાર્તા છે. આ વાર્તામાં પુરીના જીવનની વેદના આલેખાઇ છે. ત્રણ સાધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ સર્જાય છે. એમાં પણ પડ્યા ઉપર પાટુની જેમ મહેમાનો ઉમેરાય છે. અહી મૂળ સંવેદના એ છે કે આબરૂ સાચવવા જ આબરૂને નેવે મુકવામાં આવે છે. પુરી નજર બગાડતા દિપચંદ શેઠને શરણે થાય છે. અસ્તિત્વની આ લડાઇમાં પતિતા બનેલી સ્ત્રીનું મનોજગત આ વાર્તામાં આલેખાયું છે. અહીં નાયિકાનો અપરાધભાવ એને પીડે છે. ગુસ્સામાં વાડ વાઢી નાખવી કે શેઠનો ઉલ્લેખ થતાં જ ચપ્પાથી લીંપણ ખોદી નાખવું. ગોવાને પણ મારી બેસવું એ પુરીના રુવે રુવેમાં પ્રગટેલો વિદ્રોહ સૂચવે છે.

**ઉપસંહાર:**

મોહન પરમારની વાર્તાસૃષ્ટિમાં નારી એક આગવો પરિવેશ લઇને આવે છે. નારીની વેદના, તેનું જીવન, નારીને થતો અન્યાય, નારીનું શોષણ, તેની રિક્તતા, એકલતા, ખાલીપો, દિશાશૂન્યતા એ સૌ આગવા કલા-ઘાટ સાથે પ્રગટ થાય છે. તેમની વાર્તાએ પરંપરતિ અને –

આધુનિક વાર્તાઓ પાસેથી પોષણ મેળવીને પોતાની રીતે વિકાસ સાધ્યો છે. વાર્તાઓમાં નારીજીવનનું ચિત્રણ ઝીણવટપુર્વક રજુ કરે છે.

## સંદર્ભસૂચિ

1> મોહન પરમાર, 'કુંભી' વાર્તા સંગ્રહ – પૃ.૪.

2> મોહન પરમાર, 'કુભી' પરિશિષ્ટમાંથી – પૃ, ૨૫૧

3> મોહન પરમાર, 'અંચળો' વાર્તાસંગ્રહમાંથી 'ટોડલો' વાર્તા.